ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ‘આપ’ અને ભાજપ દિલ્હીની એજન્સીઓ મારફતે દર ચાર દિવસે સર્વે કરાવે છે

### ભાજપા માને છે કે કોંગ્રેસને બે-ત્રણ બેઠકો વધતી ઓછી આવે તો ચાલશે, પણ ‘આપ’ની એન્ટ્રી નહીં : કેટલાય મોટા માથાને પરાજયનો સામનો કરવો પડશે અને નવા નિશાળીયા કોર્પોરેશનના પગથિયા ચડશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાનો ચૂંટણી જંગ દિવસે દિવસે રસપ્રદ બનતો જાય છે. હજુ તો મતદાનને આડે દસ દિવસ છે પરંતુ જાતજાતની અને ભાતભાતની શરતો લાગવા માંડી છે. છેલ્લા ત્રણેક દિવસથી નુક્કડ સભાઓ અને ડોર ટુ ડોર મતદાન સંપર્ક ઘનિષ્ઠ બનતા વાતાવરણમાં ચહલપહલ વધી છે. આમ આદમી પાર્ટીએ સુરત સહિત અનેક કાર્યકરો સહિત ચુનંદા કાર્યકરોની ફોજ ઉતારતા પ્રચાર આક્રમક બની રહ્યો છે. ભાજપ તેની પરંપરાગત વોટબેન્ક જાળવીને જીતવામાં મ્હાલે છે જ્યારે કોંગ્રેસ જ્ઞાતિ સમાજોના દબાણના આધારે જીતની બાજી ગોઠવી રહી છે. પ્રચારના ઝાકઝમાળ વચ્ચે મહાનગરનો મતદાર હજુ મૌન છે, એ ભાજપનેય સાંભળે છે, એ આપ આદમી પાર્ટીનેય ચકાસે છે અને કોંગ્રેસને મુલવે છે અને બધાની હા માં હા મીલાવે છે. ભાજપનું કેન્દ્રિય મોવડીમંડળ અને ‘આપ’ના દિલ્હીના મુખ્યમંત્રી દ્વારા અલગ અલગ કંપનીઓ દર ચાર દિવસે પ્રાઈવેટ એજન્સીઓ દ્વારા સર્વે કરાવે છે. સૂત્રોનું માનીએ તો આમ આદમી પાર્ટીના મતદારો વધી રહ્યા છે. જ્યારે કોંગ્રેસ અને ભાજપના બન્નેના મતદારોમાં ખાસ્સો એવો ઘટાડો થયો છે. ભાજપે અત્યાર સુધી કોંગ્રેસને ટાર્ગેટ બનાવ્યુ હતુ હવે આજથી એટલે કે બુધવારથી ‘આપ’ને ટાર્ગેટ બનાવ્યુ છે. ભાજપ માને છે કે કોંગ્રેસને બે-ત્રણ બેઠક વધારે આવશે તો ચાલશે..! પણ ગાંધીનગરમાં ‘આપ’ની એન્ટ્રી થવી ના જોઈએ..! જ્યારે કોંગ્રેસના અગ્રણીઓ એવું માનીને જ ચાલે છે કે આ વખતે તો મેયર કોંગ્રેસનો જ બનશે... પરંતુ કોથળામાંથી બિલાડુ નીકળે એવું

**મહાનગરનો મહાજંગ**

પણ બની શકે..! કે આ બન્નેની લડાઈમાં ‘આપ’ નિર્ણાયક ભૂમિકામાં આવી શકે. જો કે ‘આપ’ના નેતાઓ વિશ્વાસપૂર્વક કહે છે કે મેયર તો ‘આપ’નો જ હશે..! આ બધા તો રાજકીય દાવા છે. પરંતુ સોમવારે થયેલ સર્વેમાં ચોંકાવનારા આંકડા એ હતાં કે ‘ભાજપ’ અને ‘આપ’ લગોલગ ચાલી રહ્યા છે. હજુ તો દસ દિવસ છે. આંકડા બદલાઈ શકે. કંઈ પણ થઈ શકે. પણ એટલું ચોક્કસ છે કે પરિણામ આશ્ચર્યજનક રહેશે..! કેટલાય મોટા માથાને પરાજયનો સામનો કરવો પડશે. કેટલાય નવા નિશાળીયા કોર્પોરેશનના પગથિયા ચડશે.

ગાંધીનગરમાં અંતિમ ચરણમાં પ્રદેશ નેતાગીરી પ્રચાર માટે ઉતરશે. ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા સિનિયર કેટેગરી મંત્રીઓ રાજેન્દ્ર ત્રિવેદી અને જીતુ વાઘાણી પણ જાહેર સભાઓને ગજવશે. ત્યારે આમ આદમી પાર્ટી છેલ્લા ચાર દિવસમાં એકાદ દિવસ દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ... નાયબ મુખ્ય મંત્રી મનિષ સિસોદીયા સહિતના અનેક નેતાઓ રોડ શૉ અને સભાઓ દ્વારા માહોલ ઉભો કરશે... પ્રદેશના ટોચના નેતાઓએ તો અત્યારથી જ ગાંધીનગરમાં ધામા નાખ્યા છે જ્યારે કોંગ્રેસ હજુ પ્રદેશનું નેતૃત્વના સંદર્ભે અવઢવમાં હોવાથી સ્થાનિક નેતાઓથી નેટવર્ક ગોઠવી રહી છે. ધજા-પતાકાઓ અને હોર્ડીંગોના મામલે ગઈકાલે સર્જાયેલ મહાભારત આગામી દિવસોમાં સંકેત આપે છે. વિધાનસભાની ચૂંટણી પહેલાની ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં રાજકીય મૂલ્યાંકન ખૂબજ હોવાના કારણે ત્રણેય પક્ષો એડી ચોટીનું જોર લગાવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

# અધિકારીઓ ધારાસભ્યોને હવે, રાહ જોવડાવી નહિ શકે

### ધારાસભ્યો અધિકારીઓને સીધા જ મળી શકાશે : અધિકારીઓએ ફરજિયાત સોમવારે અને મંગળવારે કાર્યાલયમાં હાજર રહેવું પડશે



ગાંધીનગર, તા. ૨૨

રાજ્યના છેવાડાના પ્રજાજનો પોતાના પ્રશ્નો અને રજૂઆતો માટે ગાંધીનગર આવે ત્યારે મંત્રીઓ અને અધિકારીઓ તેમના કાર્યાલયમાં સરળતાથી મળી શકે તે માટે મંત્રીઓ અને અધિકારીઓએ ફરજિયાત સોમવારે અને મંગળવારે કાર્યાલયમાં હાજર રહેવું પડશે.

રાજ્યના વહીવટીતંત્રને વધુ અસરકારક બનાવવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં લેવામાં આવેલા મહત્વના વહીવટી નિર્ણય અંગેની વિગતો આપતા રાજ્ય સરકારના પ્રવક્તા અને રાજ્યના મહેસૂલ અને કાયદામંત્રી રાજેન્દ્ર ભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે રાજ્યના દૂર દૂરના વિસ્તારોમાંથી ધારાસભ્યો અને નાગરિકો પોતાના પ્રશ્નોની

● અનુસંધાન પાન-૫ પર

# શહેરમાં આજે વરસાદનો વિરામ સિઝનનો સરેરાશ ૫૦ ટકા વરસાદ થયો

### સેકટરોના કોમન પ્લોટમાં કાદવ કિચ્ચડ તો કેટલાક ઠેકાણે વરસાદી પાણીનો ભરાવાથી મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધ્યા

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર શહેરમાં વરસાદી ઋતુ નિખરતા છેલ્લા ભારે ઝાપટા વરસતા શહેરના સેકટરોમાં વરસાદી પાણી ભરાયેલા જોવા મળે છે. શહેરમાં



પાંચ દિવસમાં સારો વરસાદ થયો છે. રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદના હળવા સતત વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ જટીલ બની છે. અષાઢ અને શ્રાવણ મહીનો કોરો ગયા બાદ ભાદરવામાં મેઘમેહર થતા વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી છે. છેલ્લા ઘણાં સમયથી અસહ્ય ઉકળાટ અનુભવતા નગરજનો પરેશાન હતા ગરમીથી બેચેન નગરજનો મેઘરાજા મનમુકીને વરસે તેવી આશ સેવી રહ્યા હતા ત્યારે હાલની સ્થિતિએ શહેરમાં સિઝનનો અંદાજિત ૫૦ ટકા વરસાદ થયો હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરમાં અત્યાર સુધી ૩૭૩ મી મી વરસાદ વરસ્યો છે. ગાંધીનગરમાં સિઝનનો સરેરાશ વરસાદ અંદાજિત ૬૫૦ મી મીની

● અનુસંધાન પાન-૫ પર

## સામાન્ય પ્રજાજનો સોમવારે-મંગળવારે મંત્રીઓને મળી શકશે

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રથમ કેબિનેટ બેઠકમાં પ્રજાજનોની સુવિધાલક્ષી મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

તદઅનુસાર રાજ્યના દૂર દરાજના ગામો કે અંતરિયાળ વિસ્તારોમાંથી સચિવાલયમાં પોતાના કામો, રજૂઆતો માટે આવતા સામાન્ય નાગરિકોને રાજ્ય સરકારના મંત્રીઓએ અને અધિકારીઓએ સોમવાર અને મંગળવારે મુલાકાત માટેનો સમય ફાળવવાનો રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંત્રીઓ તેમજ અધિકારીઓને આ બે દિવસો (સોમવાર અને મંગળવાર) દરમિયાન કોઈ બેઠકો, મીટીંગ કે અન્ય કાર્યક્રમો નહિ યોજવા સૂચના આપી છે.

મુખ્યમંત્રીના આ નિર્ણય અંગે વધુ વિગતો આપતાં મહેસૂલમંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને શિક્ષણમંત્રી જીતેન્દ્રભાઈ વાઘાણીએ કહ્યું કે રાજ્ય સરકારના મંત્રીઓ અને અધિકારીઓ બેઠકો, મીટીંગ, અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત ન હોય તો સામાન્ય નાગરિકોને સમગ્ર દિવસ દરમ્યાન કચેરીમાં મળી શકે તેવા જનહિત અભિગમ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ નિર્ણય કર્યો છે.

નાગરિકોને પોતાના કામકાજ માટે મંત્રીઓ અને અધિકારીઓને મળવામાં સરળતા રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રીઓએ વધુમાં કહ્યું કે ભુપેન્દ્રભાઈ પટેલે આ નિર્ણયનો અમલ ત્વરિત અસરથી કરવાની પણ સૂચનાઓ આપી છે.

# આખરે સરકારે આજે મોંઘવારી ભથ્થા અંગેનો પરિપત્ર જારી કર્યો

### સપ્ટેમ્બર-૨૧નો પગાર ૨૮ ટકા મુજબ નિયમિત રીતે તથા મોંઘવારી ભથ્થાના જુલાઈ માસના તફાવતની રકમ ઓક્ટો.-૨૧ના પગાર સાથે તથા ઓગષ્ટ-૨૧ના માસની તફાવતની રકમ જાન્યુઆરી-૨૨ના પગાર સાથે ચુકવવાની રહેશે

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય સરકારે આજે કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો કરવાના રૂપાણી સરકારના નિર્ણય અંગેનો પરિપત્ર જારી કરી દીધો છે.

આજે મોડી સાંજે રાજ્યના નાણાં વિભાગ દ્વારા આ અંગેના હુકમો કરી દેવામાં આવ્યા છે. રાજ્યના તત્કાલીન નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ૬ સપ્ટેમ્બરે આ અંગેની જાહેરાત કરી હતી પરંતુ આ પછીના ઘટનાક્રમમાં રૂપાણી સરકારે રાજીનામુ આપ્યુ હતુ અને રાજ્યમાં નવી સરકારની રચના કરાઈ છે.

રાજ્ય સરકારે કરેલા હુકમમાં જણાવ્યા મુજબ સપ્ટેમ્બર-૨૧નો પગાર ૨૮ ટકા મુજબ નિયમિત રીતે તથા મોંઘવારી

**મોડી સાંજે રાજ્યના નાણાં વિભાગ દ્વારા આ અંગેના હુકમો કરી દેવામાં આવ્યા**

ભથ્થાના જુલાઈ માસના તફાવતની રકમ ઓકટો.-૨૧ના પગાર સાથે તથા ઓગષ્ટ-૨૧ના માસની તફાવતની રકમ જાન્યુઆરી-૨૨ના પગાર સાથે ચુકવવાની રહેશે. પેન્શનરોને પણ તેમના તફાવતની રકમ આ મુજબ જ ચુકવવામાં આવશે.

રાજ્યના નાણાં વિભાગ દ્વારા આ અંગેનો પરિપત્ર જારી ન થતાં કર્મચારીઓમાં ચણભણાટ શરૂ થયો હતો. રાજ્ય સરકારના ધ્યાન પર આ બાબત આવતાં જ આજે આ અંગેના જરૂરી હુકમો કરી દેવામાં આવ્યા છે. જો કે સરકારના આ પરિપત્ર પછી પણ તફાવતની રકમને લઈ જે બે તબક્કે ચૂકવવાની વાત છે તેની સામે કર્મચારીઓમાં ગણગણાટ યથાવત રહેવા પામેલ છે.

# નવા આવાસો તૈયાર થયા બાદ પણ ૪૫ ટકા અરજદારોને જ મકાન ફાળવી શકાશે

### સરકારી આવાસ મામલે તંત્રના ચોપડે ૪૭૩૪ની પ્રતિક્ષા યાદી : સેકટરોના મોટાભાગના જોખમી આવાસો : મજબુતીકરણ હેઠળ પણ ઘણાં મકાનો આવરી લેવાયા

ગાંધીનગર તા ૨૨

શહેરમાં એકબાજુ નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે દિનપ્રતિદિન જોખમી મકાનોની સંખ્યા સતત વધતી રહે છે. આવાસોના મામલે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી ઓપરેટ કરવાનો મામલે પણ તંત્રએ માથુ ખંજવાળવાનો વારો આવ્યો છે. હાલની સ્થિતિએ તંત્રના ચોપડે આવાસના મામલે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી ૪૭૩૪ સુધી પહોંચી છે. અલબત્ત પ્રતિક્ષા યાદી લાંબી થતી જાય છે. આ સ્થિતિમાં આવાસ નિર્માણની હાલની કામગીરી પુર્ણ થયા બાદ પણ પ્રતિક્ષા યાદીમાં સમાવિષ્ટ ૪૫ ટકા અરજદારોનો જ સમાવેશ થઈ શકે તેમ છે.

**નગરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી જાહેર કરાયા છે. બીજીતરફ એકબાજુ જુના અને જર્જરિત આવાસો તોડીને નવા આવાસો બનાવવા માટે પણ જગ્યા ખુલ્લી થાય તેમ આયોજન કરવામાં આવી રહ્યુ છે**

શહેરના સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી રહેણાંકને લાયક મકાનો હવે બહુ ઓછા છે. નગરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના અંદાજિત ૪૫૦૦ જેટલા મકાનો જોખમી જાહેર કરાયા છે. બીજીતરફ એકબાજુ જુના અને જર્જરિત આવાસો તોડીને નવા આવાસો બનાવવા માટે પણ જગ્યા ખુલ્લી થાય તેમ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જો કે જોખમી આવાસો ખાલી કરાવાની કામગીરી પણ તંત્ર માટે મુંઝવણરૂપ બની છે. ત્યારે હાલની સ્થિતિએ શહેરમાં ૨૦૧૬ મકાનો તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. જેમાં આવાસોના મજબુતીકરણ સહીત નવા મકાનો બાંધવાની કામગીરી પણ મુખ્ય છે. પરંતુ તંત્રના ચોપડે કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થતી જાય છે.

અગાઉ માત્ર ૧૫૦૦ સુધીની જ પ્રતિક્ષા યાદી હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયમાં આ પ્રતિક્ષા યાદી મોટી થતા હાલની સ્થિતિએ ૪૭૩૪ કર્મચારીઓ વિવિધ કક્ષાના આવાસો માટે પ્રતિક્ષા યાદીમાં છે. જો કે બીજીતરફ આવાસ ખાલી કરવાની તેમજ આવાસ ફાળવવાની પ્રકીયા સતત ચાલુ હોવાથી આ આંકડામાં સામાન્ય ફેરફાર હોવાની પણ

**તંત્રના ચોપડે પ્રતિક્ષા યાદી**

| | |
|---|---|
| ચ- કક્ષા | - ૧૨૨૫ |
| ચ-૧ કક્ષા | - ૪૮૩ |
| છ કક્ષા | - ૮૪૩ |
| જ કક્ષા | - ૧૪૮૫ |
| જ-૨ કક્ષા | - ૩૬૪ |
| જ-૧ કક્ષા | - ૧૯ |

સંભાવના છે. પરંતુ નવા આવાસો બાંધવા સહીત અન્ય મજબુતીકરણ હેઠળના મકાનો તૈયાર થયા બાદ પણ હાલની પ્રતિક્ષા યાદી મુજબ ૫૦ ટકા જેટલા અરજદારોને પણ ન્યાય મળે તેમ નથી. આ સ્થિતિ વચ્ચે હજુ પણ શહેરમાં નવા આવાસો બનાવાની યોજના ટુંકમાં આખરી કરાશે જો કે હજુ નવા આવાસોના નિર્માણ માટે સ્થળ પસંદગી કરાઈ નથી.




ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પ્રચારમાં રંગ આવી ગયો છે. તમામ રાજકીય પાર્ટીઓ પ્રચારકાર્યમાં જોતરાઈ ગઈ છે. ઘ-૫ સર્કલ ઉપર સિગ્નલ બંધ હોય ત્યારે આમ આદમી પાર્ટીના કાર્યકરો વાહનચાલકોને પેમ્ફલેટ આપતા નજરે ચઢે છે.

# આજે જિલ્લા પંચાયતની સામાન્ય સભા

### તોફાની બનવાની સંભાવના : બપોરે ૩ વાગે મળનારી સામાન્ય સભા ભાજપ-કોંગ્રેસ બન્નેએ આ બેઠક માટેની રણનીતિ તૈયાર કરી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળનારી સામાન્ય સભા તોફાની બનશે તેમ મનાઈ રહ્યુ છે.

આજે બપોરે ૩ વાગે જિલ્લા પંચાયતના સરદાર પટેલ હોલમાં દિલીપભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળનારી આ બેઠકનો પ્રારંભ પ્રશ્નોત્તરીથી થશે.

જિલ્લા પંચાયતની આજની બેઠકમાં વિપક્ષ કોંગ્રેસ પણ સત્તાધારી ભાજપને ઘેરવાની વ્યુહરચના તૈયાર કરી આગળ વધવાના મૂડમાં છે. ૧૨ થી વધુ પ્રશ્નો આ સામાન્ય સભામાં હોવાથી ઝડપથી પૂર્ણ કરવાની ભાજપની ઈચ્છા અધુરી રહી જવા પામી છે.

આ બેઠકમાં વિકાસ કામોને નહિ મળેલી વહીવટીય મંજૂરી, ૧૫મા નાણાં પંચની ગ્રાન્ટના વપરાશ તેમજ આરોગ્ય અને શિક્ષણના તેમજ મહેસુલના પ્રશ્નો સભ્યો દ્વારા રજુ થયા છે. જિલ્લા પંચાયતની આજની બેઠકમાં એક પદાધિકારી દ્વારા મહિલા અધિકારી સાથેની ગેરવર્તુણૂંકને લઈ પણ ઉગ્રતા આવે તેવી સંભાવનાઓ છે.

ભાજપના ચૂંટાયેલા સભ્યોની આજે એક મહત્વની બેઠક દિલીપભાઈ પટેલની ચેમ્બરમાં મળી હતી જેમાં અધ્યક્ષસ્થાનેથી રજુ કરવાના થતા પ્રસ્તાવો તેમજ સામાન્ય સભાની રણનીતિને આખરી ઓપ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી જ મચ્છરોના ભારે બ્રિડીંગ મળતાં તંત્ર ચોંક્યુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે શહેરી મેલેરિયાતંત્રની ટીમો ત્રાટકી હતી અને ત્યાંથી મચ્છરોના ભારે બ્રિડીંગ મળી આવતાં સિવિલ સત્તાવાળાઓને જરૂરી પગલાં તાત્કાલિક લેવા માટેનો પત્ર લખી જાણ કરવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સિવિલ હોસ્પિટલના ધાબા પર આવેલી ટાંકીઓ અને તેની નીચેના ભાગમાંથી મચ્છરોના પોરાઓ મોટી સંખ્યામાં મળી આવ્યા હતા. તંત્રની ટીમે તાત્કાલિક અહિ પોરાનાશક કામગીરી હાથ ધરી હતી અને મોડે સુધી આ કામગીરી ચાલી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ જ મચ્છરોની ઉત્પત્તિ કેન્દ્ર બન્યુ હોવાની વાતથી લોકોમાં પણ ભયની લાગણી ઉભી થવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે આ પહેલા પણ સિવિલ હોસ્પિટલના ધાબેથી પોરા મળ્યા હતા અને તંત્રએ કામગીરી કર્યા પછી પત્ર લખી હવે આ પોરાનાશક કામગીરી નિયમિત રીતે કરવામાં આવે તેવી જાણ કરતો પત્ર લખ્યો હતો પરંતુ સિવિલના તંત્ર દ્વારા આ દિશામાં નક્કર કાર્યવાહી ના થતાં આજે પુનઃ મેલેરિયાતંત્રની ટીમો ત્રાટકી હતી અને મોડી સાંજે સુધી પોરાનાશક કામગીરી હાથ ધરી હતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com